Managed by Jivan Jyot Trust, Amroli - Surat
**J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT**
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
*Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru*
*An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute*
YEARS OF CELEBRATION 1991 - 2020

**Out Ref. No.: 47/2020-21**
**Date :20-07-2020**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞમહાશય,
સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.
સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

# અમરોલી કોલેજમાં "કોવિડ-૧૯ જાગૃતિ" વિષય પર ૧૭માં નેશનલ વેબીનારનું આયોજન

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૧૯ જુલાઇ, ૨૦૨૦ રવિવારના રોજ "કોવિડ-૧૯ જાગૃતિ" વિષય અંતર્ગત **Google Meet, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૧૭માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં ગર્વમેન્ટ ન્યુ સીવીલ હોસ્પીટલ, સુરતના મેડિસિન વિભાગના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ (એચ.ઓ.ડી.) આદરણીયશ્રી ડૉ. કે. એન. ભટ્ટ મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૩૨૯૪ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં આદરણીયશ્રી ડૉ. કે. એન. ભટ્ટે કોરોના વાયરસના લક્ષણો, તેમાં રાખવાની કાળજીઓ, માન્યતાઓ અને હકીકતો વિશે ચર્ચા કરી હતી. અત્યારે ૭૦ જેટલા પ્રકારના વાયરસ છે જેને આલ્ફા અને બીટા નામની કેટેગરીમાં વિભાજીત કરી શકાય. જેમાં કોવિડ-૧૯ (કોરોના વાયસર) એ બીટા કેટેગરીનો વાયરસ છે. આ વાયરસનું સમયાંતરે જૈવિક રૂપાંતર થતું રહે છે જેથી વાયરસ નવા નવા સ્વરૂપમાં ઉદ્ભવે છે. ડૉ. કે. એન. ભટ્ટ જણાવે છે કે લોકોએ ગભરાયા વગર સાવચેતી અને સત્તર્કતા રાખવાની જરૂર છે. જયારે પણ શરૂઆતના લક્ષણો દેખાય ત્યારથી જ સારવાર લેવી જોઇએ અને કોઇપણ વ્યકિતનાં સંપર્કમાં ન આવવું જોઇએ. જે દર્દીમાં ઓકિસજનનું પ્રમાણ ૯૦ % કરતાં ઓછું હોય તે વ્યકિતઓએ ચોકકસ જ સરકારી હોસ્પિટલમાં સારવાર લેવી જોઇએ. કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતાં વ્યકિતઓએ રેપિડ ટેસ્ટ, ધન્વંતરી રથ, સીટી સ્કેન તેમજ સરકારી હેલ્થ સેન્ટર, ૧૦૪ ની સેવા તેમજ સરકારી હોસ્પિટલમાં જઇ સારવાર લેવી જાઇએ. વધુમાં તેમણે જણાવ્યું કે, જો આવશ્યક ન હોય તો બહાર જવાનું ટાળો, ઘરમાં જ રહો, ભીડભાડવાળી જગ્યાએ ન જવું જોઇએ. બહાર હંમેશા માસ્ક પહેરીને જવું જાઇએ, એકબીજાથી ૬ ફુટનું અંતર રાખવુ જોઇએ, કોઇની પણ સાથે હાથ મિલાવવાનું ટાળી બે વ્યકિતઓ વચ્ચે ડિસ્ટંન્સ જાળવવુ જાઇએ. સેનીટાઇઝરનો વધુને વધુ ઉપયોગ કરી ૨૦ થી ૪૦ સેકન્ડએ સાબુથી હાથની સફાઇ કરવી જોઇએ.

તેમણે પોતાના વકતવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીઓનો પરિચય ડૉ. કૃતિ પટેલ તેમજ આભારવિધિ ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. કૃતિ પટેલ, ડૉ. મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ.મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

**You Tube Link : https://youtu.be/KE_Tr_OaFWw**

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA) +91 90991 33386